સાચ્ચા જોડ નહીં !

### બીડી-કામદારનાં ધરણાં

જીવરાજ બીડી-કામદારોના વેતન બાબત માલિક સાથેનો કેસ ચાલી રહ્યો છે. દરમિયાનમાં માલિકે બેનોને કામ આપવાનું બંધ કરેલ અને બેનોના યુનિયનને તોડવા પ્રયત્ન કરેલા હતા. ૨૦-૧૧-૮૯ના રોજ સવારે આઠ વાગ્યાથી ૧૫૦ બેનોએ જીવરાજ શેઠની દુકાન સામે બેસીને ધરણાં કર્યાં. કામ નહિ મળે ત્યાંસુધી બેનોએ ત્યાંથી નહિ ખસવાનો નિર્ણય કર્યો હતો. શેઠ કહે પહેલાં કેસ પાછો ખેંચી લો પછી તમને કામ આપીએ. પરંતુ બેનો ખૂબ મક્કમ હતાં – પહેલાં કામ પછી બીજી વાત. છેવટે સાંજે ૪ વાગ્યા પછી શેઠે સમાધાન કરી કારખાનું શરૂ કર્યું અને બેનોને એ જ વખતે કામ આપ્યું. બીડી-કામદાર બેનોને ધન્યવાદ.